મુંબાઈ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

(આવૃતિ બીજી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

पुरुषोत्तम कहानजी गांधी,

लींबडी.

નડીઆદ

સત્યસાગર પ્રેસમાં છાપી.

ઇ૦ સ૦ ૧૮૮૩ નો જાન્યુઆરી.

સંવત ૧૯૩૯ નો પોષ.

કિમ્મત બે આના.

મુંબાઈ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

મુંબાઈ ઇલાકાની સીમા—ઉત્તરે બલુચીસ્તાન તથા ભાવલપુર સંસ્થાન; પૂર્વે રજપૂતસ્થાન, માળવા, મધ્ય પ્રાંતો, હૈદ્રાબાદનું રાજ્ય અને મદ્રાસ ઇલાકો; દક્ષિણે મહીસૂર પ્રાંત; અને પશ્ચિમે બલુચીસ્તાન ને અરબી સમુદ્ર છે.

ભાગ—૧ સિંધ; ૨ કચ્છ; ૩ ગૂજરાત; ૪ મહારાષ્ટ્ર, એમાં દક્ષિણ તથા કોકણ એ બે છે; ૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

"૧" સિંધ.

ભાગ.	મુખ્ય શહેર.
૧ સિંધનો ઉપલો સરહદનો મુલક.	જેકબાબાદ.
૨ શિકારપુર જિલ્લો.	શિકારપુર.
૩ હૈદ્રાબાદ જિલ્લો.	હૈદ્રાબાદ.
૪ કરાંચી જિલ્લો.	કરાંચી.
૫ થરપારકર	ઉમરકોટ.
૬ ખૈરપુર સંસ્થાન.	ખૈરપુર.

"૨" કચ્છ.

કચ્છ.	ભૂજ.

"૩" ગૂજરાત.

૧ સૂરત જિલ્લો.	સૂરત.

૨ ભરૂચ જિલ્લો.	ભરૂચ.
૩ ખેડા જિલ્લો.	ખેડા.
૪ પંચ મહાલ.	ગોધરા, દાહોદ.
૫ અમદાવાદ જિલ્લો.	અમદાવાદ.
૬ કાઠિઆવાડ એજન્સિ.	રાજકોટ.
૭ પાલણપુર એજન્સિ.	પાલણપુર અને ડીસા
૮ મહીકાંઠા એજન્સિ.	સાદરા, ઇડર.
૯ રેવાકાંઠા એજન્સિ.	નાંદોદ, બારીઆ ને લુણાવાડા.
૧૦ ગાયકવાડનો મુલક.	વડોદરા.
૧૧ ખંભાત સંસ્થાન.	ખંભાત.
૧૨ પંચમહાલ એજન્સિ.	નારૂકોટ.
૧૩ સુરત એજન્સિ.	વાસંદા, ધરમપુર, સચીણ.

"૪" महाराष्ट्र. "મુંબાઇ બેટ બાદ કરતાં."

"अ" कोकण.

૧ થાણા જિલ્લો.	થાણા.
૨ કોલાબા જિલ્લો.	અલીબાગ.
૩ રત્નાગીરી જિલ્લો.	રત્નાગિરી.
૪ જવાર સંસ્થાન.	જવાર.
૫ જંજીરા સંસ્થાન.	જંજીરા.
૬ સાવંતવાડી સંસ્થાન.	સાવંતવાડી.

"ब" दक्षिण प्रांत.

૧	ખાનદેશ જિલ્લો.	ધુળીઆ.
૨	નાશિક જિલ્લો,	નાશિક.
૩	અહમદનગર જિલ્લો.	અહમદનગર.
૪	પુણા જિલ્લો.	પુણા.
૫	સતારા જિલ્લો.	સતારા.
૬	સોલાપુર જિલ્લો.	સોલાપુર.
૭	ખાનદેશ એજન્સિ.	
૮	પેંઠ સંસ્થાન.	પેંઠ.
૯	અકલકોટ સંસ્થાન.	અકલકોટ.
૧૦	સતારા જાગીર.	ભોર, ફલટન, ઔંધ, અને જત.

"द" दक्षिण महाराष्ट्र. अने उत्तर कानडा.

૧	કલાદગી જિલ્લો.	કલાદગી.
૨	બેલગામ જિલ્લો.	બેલગામ.
૩	ધારવાડ જિલ્લો.	ધારવાડ.
૪	ઉત્તર કાનડા જિલ્લો.	કારવાડ.
૫	કોલાપૂર સંસ્થાન,	કોલાપૂર.
૬	સાવનુર સંસ્થાન.	સાવનુર.
૭	દક્ષિણ મરાઠા જાગીર	સાંગલી, જમખિંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, ને રામદુર્ગ.

मुंबाइ इलाकानां मुख्य देशी राज्यो.

"૧" સિંધ.

૧ ખૈરપુર.

"૨" કચ્છ.

૧ કચ્છ.

"૩" ગૂજરાત.

૧ વડોદરા.

૨ ખંભાત.

૩ ભાવનગર.

૪ જુનાગઢ.

૫ જામનગર.

૬ ઇડર.

૭ પાલણપુર.

૮ નાંદોદ વગેરે ઘણાં છે.

"૪" મહારાષ્ટ્ર.

૧ કોલાપુર.

૨ અક્કલકોટ.

૩ પેંઠ.

"૫" કોંકણ.

૧ જવારા.

૨ જંજીરા.

૩ સાંવતવાડી.

મોટી નદીઓ—સિંધુ, ભાદર, શેત્રુંજી, બનાસ, સરસ્વતિ, સાબરમતી, મહી, વિસ્વામિત્રી, ઢાઢર, નર્મદા, તાપી, ગોદાવરી, ભીમા, કૃષ્ણા.

પર્વત—પબ્બ, ગીરનાર, શેત્રુંજો, આરાસુર, આબુ, પાવાગઢ, સાતપુડો, સંહાદ્રી અથવા પશ્ચિમ ઘાટ.

બંદર—કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, માંગરોળ, વેરાવળ, દીવબંદર, જાફરાબાદ, ભાવનગર, ધોલેરા, ભરૂચ, સુરત, વસઈ, મુંબાઇ, રાજાપુર, વિજયદુર્ગ, ગોવા, કારવાડ, હોનાવર વગેરે છે. એઓમાં કરાંચી, મુંબાઇ અને કારવાડ એ સૌથી

સરસ છે.

બેટ—બેટ, દીવ, ગોપનાથ, પીરમ, શિયાળ, મુંબાઇ, વસાઇ, ધારાપુરી, કરંજે, સાષ્ટી.

જાત્રાનાં ઠેકાણાં—હીંગળાદ, દ્વારકાં, બેટ, ગીરનાર, પ્રભાસપાટણ, શેત્રુંજો, ડાકોર, બહુચરાજી, અંબાજી, શામળાજી, સિદ્ધપુર, વડતાળ, શુકલતીર્થ, ચાણોદ, કન્યાળી, નાશિકત્ર્યંબક પંઢરપુર એ હિંદુ લોકનાં, અને ઉદવાડા એ પારસીલોકનું જાત્રાનું ઠેકાણું છે.

પવિત્ર નદીઓ.—સિંધુ ,સરસ્વતિ, સાબરમતી, નર્મદા, તાપી, ગોદાવરી વગેરે.

હવા ખાવા લાયક જગ્યાઓ.— બાલાચડી, ગોપનાથ, ડુંગાર, પુરંધર, ખંડાળા, મહાબળેશ્વર, માથેરાન અને નીલગીરી.

ફીરંગીનાં સંસ્થાન.—દીવ, દમણ, ગોવા.

હબશીનાં સંસ્થાન.—જાફરાબાદ, જંજીરા; એ ખંડણી આપતા નથી.

દ્વિપકલ્પ.—કાઠિઆવાડ.

ભુશિર.—જગતપૉઇંટ, દીવ, શમસ.

અખાત.—કચ્છનું અખાત અને ખંભાતનું અખાત.

मुख्य नदीयो उपरनां शेहेरो.

૧ સિંધુ.	(હિમાલય પર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે.)	એનાપર સક્કર, બક્કર, હૈદ્રાબાદ, ઠઠ્ઠા, અને કરાંચી છે.

૨ ભાદર.	મદાવુંના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે.	જસદાણ, કુતીઆણું, જેતપુર, નવીબંદર.
૩ શેત્રુંજી.	ગીર પર્વતમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.	ધારી, પાલીટાણા, તળાજા.
૪ બનાસ.	શીરોઇના ડુંગરમાંથી નીકળીને કચ્છના રણને મળે છે.	ડીસા, રાંધણપુર.
૫ સરસ્વતી.	શીરોઇના ડુંગરમાંથી નીકળીને કચ્છના રણને મળે છે.	સિદ્ધપુર.
૬ સાબરમતી.	મહીકાંઠાના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.	સાદરા, અમદાવાદ.
૭ મહી.	માળવાના ડુંગરમાં નીકળીને ખંભાતના અખાતને મળે છે.	લુણાવાડાથી ખંભાત.
૮ વિશ્વામિત્રી.	રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળીને મળે છે.	વડોદરા.
૯ ઢાઢર.	રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.	ટંકારીઆ.
૧૦ નર્મદા.	સાતપુડામાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.	ચાણોદ, કન્યાળી, નાંદોદ અનેભરૂચ.
૧૧ તાપી.	સાતપુડામાંથી નીકળીને આરબી સમુદ્રને મળે છે.	બુરાનપુર, બોધા, રાંદેર, માંડવી અને સુરત.
૧૨ ગોદાવરી	સંહ્યાદ્રીમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.	નાશીક.
૧૩ ભીમા.	સંહ્યાદ્રીમાંથી નીકળીને કૃષ્ણા નદીને મળે છે.	પંઢરપુર.

૧૪ કૃષ્ણા.	સંહ્યાદ્રીમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.	જમખંડી, કુમળાપુર, સતારા.
૧૫ પાંજરા.	સંહ્યાદ્રીમાંથી નીકળીને તાપી નદીને મળે છે.	ધૂળીઆ.
૧૬ મુળામૂઠા.	સંહ્યાદ્રીમાંથી નીકળીને ભીમાને મળેછે.	પૂના.
૧૭ સીના.	સંહ્યાદ્રીમાંથી નીકળીને ભીમાને મળેછે.	અહમદનગર.

કચ્છના અખાતને મળનારી નદીઓ—આજી.

કચ્છના રણને મળનારી—મચ્છુ, ફલકુ, બાંભણુ, બનાસ, સરસ્વતી.

અરબી સમુદ્રને મળનારી—સિંધુ, ભાદર, તાપી.

ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, ઢાઢર, કીમ, નર્મદા, શેત્રુંજી, સુખભાદર.

બંગાળાના ઉપસાગરને મળનારી—ગોદાવરી, કૃષ્ણા.

નદીઓનો સંગમ.

કાવેરીને અંબીકા તથા ખરેરા મળે છે.

સાબરમતીને—વાત્રક, ભોગાવો, હાથમતી અને ખારી.

વાત્રકને—મેશ્વો, શેઢી અને માઝુમ.

શેઢીને—મોહોર અને લૂણી.

નર્મદાને—ઉમરાવતી.

તાપીને—પૂર્ણા, પાંજરા અને ગિરણા.

ઢાઢરને—વિશ્વામિત્રી.

ભીમાને—સીના. નીરા અને મૂળામુઠા.

કૃષ્ણાને—ભીમા, પંચગંગા અને તુંગભદ્રા, ઘટપ્રભા, મલપ્રભા, વારણા.

वखणाएली वरतुवाळां शेहेर.—

હૈદ્રાબાદ—સોનેરી ભરત. ભુજ —સોના રૂપાનો ઘાટ તથા ભરત. કચ્છ અને કાઠિઆવાડના ઘોડા. નવાનગર— કંકુ, બાંધણી, બંદુક. પ્રાંત કાઠિઆવાડ—કાંબી. ચોરવાડ ને પુના—નાગરવેલના પાન. ઝાલાવાડ—ઝુંમણાં. ભાલ—ઘઉં. માંગરોળ—સોપારી. ધોલેરા ને ધારવાડ રૂ. શિહોર, પુના, નાશિક—તાંબા પીતળનાં વાસણ. અમદાવાદ—રેશમી કાપડ. પાટડી—વડાગરૂં મીઠું. પાટણ-પટોળાં, સુડી, માટીનાં વાસણ.
વિજાપુર (કડી પ્રગણાનું)-અફીણ.
કડી પ્રગણું—બળદ. પેથાપુર—બાંધણી, વાગડીઆં, સાડી, બંદુક. કપડવંજ—કાચ, સાબુ. આમોદ-દેશી ચપ્પુ. સુરત—અરકી. ખંભાત— સુતરફેણી, અકીકના પથ્થર. આબસુંબા—લોઢાની છરીઓ. પેંઠ—પાઘડી. રેવાકાંઠો—કાટ. થાણા—અબોટીઆં. બર્ડો—પથ્થર. બુરાનપુર—શેલાં. લીંબડી—સૂડીઓ.

बेवडां नाम.

દ્વવળગામ—કરાંચી બંદર. નગર ઠઠ્ઠા— બ્રાહ્મણાબાદ. કાઠિઆવાડ— સૌરાષ્ટ્ર. નવાનગર—જામનગર. સોમનાથ પાટણ—"પ્રભાસ" પાટણ. શેત્રુંજો=સિદ્ધાચળ, સિદ્ધગિરિ, વિમળાચળ, વિમળગિરિ.
અમદાવાદ—રાજનગર. સિદ્ધપુર પાટણ— અણહીલપુર પાટણ.

વડોદરા—બરોડા. નર્મદા—રેવાજી.

સંહ્યાદ્રી—પશ્ચિમ ઘાટ. ધરમપુર—રામનગર. સદાશિવગઢ—કાર-
વાડ. સિંધુ—અટક અથવા ઇંડસ. પોરબંદર—સુદામાપુરી.

राजाओनी अटक.

કચ્છના રાવ. નવાનગરના જામ. જુનાગઢ રાંધણપુર, ખં-
ભાત, સચીનના નવાબ. પોરબંદરના રાણા. પાલણપુરના દીવાન.
ભાવનગર, ઇડર, કોલ્હાપૂરના મહારાજ. વડોદરાના ગાયકવાડ.

મુંબાઈ ઈલાકાની વસ્તીઃ— ૨,૫૫,૦૦,૦૦૦ માણસની છે.
તેમાં આશરે ત્રીજો ભાગ દેશી રાજ્યની વસ્તી છે.

લંબાઈ, પહોળાઈઃ— ઉત્તર દક્ષિણ લંબાઇ ૯૮૦ મૈલ, અને
પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૧૭૦ મૈલ છે.

પેદાશઃ— ઘઉં, બાજરી, જુવાર, કઠોળ, કપાસ, શેરડી, તમાકુ,
અફીણ, ગળી, ગુંદ એ મુખ્ય છે.

મુંબાઇ ઈલાકામાં સૌથી મોટી નદી—સિંધુ.

શેહેર બંદર અને બેટ— મુંબાઇ. પર્વત— સંહ્યાદ્રી.

દેશી રાજ્ય— વડોદરા. અને જીલ્લો ખાનદેશ છે.

આ ઈલાકામાં ૫૩૪૩ નિશાળો છે, અને તેમાં આશરે
ત્રણ લાખ સોળ હજાર નિશાળીઆ ભણે છે.

૧ सिंधप्रांत.

એમાં સિંધુ નદી આવેલી છે, તેથી એ પ્રાંતનું નામ
સિંધ પડયું છે. એના રહેવાસી તથા ભાષા સિંધી કહેવાય છે.

નદીઓ:—સિંધુ નદ એમાંથી નેહેરો ખોદી ઘણે ઠેકાણે પાણી લઇ જાય છે. કારણ કે એમાં વરસાદ બહુ થોડો વરસે છે.

પર્વત:— ૫બ.

સિમા:—ઉત્તરે બલુચીસ્તાનને પંજાબ, પૂર્વે જેસલમીરનું રણ ને રજપૂતસ્થાનનાં દેશી રાજ્યો છે. દક્ષિણે કચ્છનું રણ ને અરબી સમુદ્ર છે, પશ્ચિમે હાલા ને સુલેમાનના પહાડ ને બલુચીસ્તાન છે.

મોટાં શેહેર:— હૈદ્રાબાદ એ રાજધાની છે તે સિવાય ખૈરપુર એ ખૈરપુર સંસ્થાનની રાજધાની છે. તે સિવાય શિકારપુર, કરાંચી, જેકબાબાદ, સકર, બકર, હાલા, લારખાના, કોત્રી, ઉમરકોટ, શાબંદર, નગરપારકર, ઠઠ્ઠા, મિઆની.

૨ कच्छ प्रांत.

સિમા:—ઉત્તરે ને પૂર્વે રણ, દક્ષિણે કચ્છનું અખાત, પશ્ચિમે અરબી સમુદ્ર.

પ્રગણાં:—પાબર, મિઆણી, બન્ની, પચ્છમ ખડિર, પ્રાંથળ, વાગડ, અંજાર ચોવિશી, ભૂચડ ચોવિશી, હાલા ચોવિશી, કાંઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો ને માક એ સોળ છે.

નદીઓ:—એમાં જાણવા લાયક નદી નથી પણ કેટલાક વહેળા છે, તેનું પાણી ઉનાળામાં સૂકાઇ જાય છે.

પર્વત:—લાખી.

મોટાં શેહેરભૂજ એ રાજધાની, તે સિવાય અંજાર, મુન્દ્રા, લખપત જખૌ, તુણા, બેલા, રૂઆ.

કુરછીગઢ એ રાવના તાબાનું ગામ ઓખામંડળમાં છે.

—०—

गुजरात प्रांत

સિમા:—ઉત્તરે કચ્છનું રણ ને શીરોહી; પૂર્વે માળવા, ખાનદેશ, સાતપુડો પર્વત; દક્ષિણે થાણા જિલ્લો તથા આરબી સમુદ્ર; પશ્ચિમે કચ્છનું અખાત અને અરબી સમુદ્ર છે.

રાજધાની:—અસલની રાજધાની દ્વારકા, વલ્લભીપુર, પંચાસર, પાટણ એ અનુક્રમે હતી. અને હાલની રાજધાની અમદાવાદ ગણાય છે.

રહેવાશી તથા ભાષા:—ગુજરાતી કહેવાય છે.

१ सुरत जिल्लो.

પ્રગણાં:—પારડી, વલસાડ, ચીકલી, જલાલપોર, બારડોલી, માંડવી, ચોર્યાસી, ઓરપાડ.

નદીઓ:— તાપી, કીમ, પુર્ણા, અંબીકા, કમણગંગા, મીંઢોળા.

ડુંગર:—પારનેરા અને ડુંગારની ટેકરી છે.

મોટાંગામ:—સુરત, પારડી, વલસાડ, ચીકલી, જલાલપોર, બારડોલી, માંડવી, ઓરપાડ, બગવાડા, કુંતા, ઉદવાડા, બહુધાન, રાંદેર, ઉમરસાડી, છરવાડા, દેહેગામ, અમલસાડ, કતારગામ.

નીપજ:— ડાંગર, જુવાર, રૂ, ઘઉં, કઠોળ, તથા બાજરી, દીવેલી, નાગલી, કોદરા, શેરડી અને કેળાં એ મુખ્ય છે.

૨ ભરુચ જિલ્લો.

પ્રગણાં:—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર.

નદીયો:—નર્મદા, મહી, ઢાઢર, કીમ, ઉમરાવતી.

મોટાં શેહેર:—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર, શુકલતિર્થ, હાંસોટ, વિલાયત, કેરવાડા, માતર, ટંકારીઆ.

બીજી હકીકત—શુકલતિર્થ નર્મદા નદીને કાંઠે જાત્રાનું ઠેકાણું છે તથા એની પાસે કબીર વડ છે.

પેદાશ:—જુવાર, ડાંગેર, બાજરી, તુવર, મગ, ઘઉં, તલ, વટાણા, ચણા, વાલ, દીવેલી, તમાકુ. ઇત્યાદી.

૩ ખેડા જિલ્લો.

પ્રગણાં:—કપડવંજ, ઠાસરા, નડીઆદ, મેમદાબાદ, માતર, આણંદ, બોરસદ.

નદીઓ:—મહી, વાત્રક, મેશ્વો, શેઢી, મોહોર, ખારી.

મોટાંગામ:—ખેડા, કપડવંજ, ઠાસરા, નડીઆદ, મેમદાબાદ, માતર, આણંદ, બોરસદ, આત્રસુંબા, કઠલાલ, મહુધા, ઉત્તરસંડા, ડાકોર, ઉમરેઠ, લસુંદ્રા, વડતાલ, નાપાડ, તારાપુર, આંકલાવ, અલીણા, કરમસદ, વાસદ.

પેદાશ—કોદ્રા, ડાંગેર, જુવાર, શેરડી, બાવટો, તે સિવાય બાજરી તથા તમાકુ ઘણુંજ પાકે છે. અને તે પરદેશ ખાતે મોકલવામાં આવે છે.

બીજી હકીકત.—ઘસુંદ્રા ને આલોલીમાં ઉનાપાણીના કુંડ છે.
ડાકોરમાં રણછોડની મૂર્તિ ને ગોમતી તળાવ છે.
વડતાલ એમાં સ્વામીનારાયણનું મોટું ધામ છે.

૪ પંચમહાલ.

પંચમહાલ—અગાઉ એમાં ગોધરા, હાલોલ, કાલોલ, ઝાલોદ, ને દાહોદ એ પાંચ પ્રગણાં હતાં તે પરથી એ નામ પડ્યું છે, પરંતુ હાલમાં ઇંગ્રેજ સરકારે દાહોદ સાથે ઝાલોદ અને કાલોલ સાથે હાલોલ જોડી દીધાં છે. તેથી હવે ત્રણ પ્રગણાં ગણાય છે ગોધરા, કાલોલ ને દાહોદ.

નદી:—મહી નદી એ જિલ્લાની પશ્ચિમ હદપર છે.

પર્વત—પાવાગઢ તે પર મહાકાળી માતાનું દેરૂં છે.

મોટાં શેહેર—ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ, ઝાલોદ, ચાં-
પાનેર, વેજલપુર.

બીજી હકીકત—આ જીલ્લો આગળ સિંધિઆના તાબામાં હતો.
તે વેળા માઠી દશામાં હતો, હાલ એને ઇંગ્રેજ
સરકાર સુધારે છે.

નીપજ—ઘઉં, ડાંગેર, બાજરી, મકાઇ, ચણા, તલ અને મહુડાં
પુષ્કળ પાકે છે.

૫ અમદાવાદ જિલ્લો.

પ્રગણાં—પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, દસક્રોઇ, ધંધુકા, ગોધા,
સાણંદ,

નદીઓઃ—સાબરમતી, હાથમતી, વાત્રક, માજુમ, મેશ્વો, ખારી, ભાદર, ગોમા.

તળાવઃ—મુનસર, ગંગાસર, કાકરીયું, મલેકશાબર, ને નળસરોવર.

મોટાંગામઃ—અમદાવાદ એ રાજધાની તે સિવાય પ્રાંતીજ, વીરમગામ, ધોળકા, ધંધુકા, ગોઘા, સાણંદ, મોડાસા, પાટડી, માંડળ, કોઠ, વઉઠા, ધોલેરા, રાણપુર, બરવાળા, ગાંફ, ગાંગડ, બાવળા, ખસ, ગોધાવી, સઍંજ, ચોરવડોદ્રા, કાસંદ્રા.

બીજી હકીકત.—પાટડીમાં વડાગરૂં મીઠું થાય છે. તે આખા મુંબઈ ઇલાકામાં વખણાય છે.

વઉઠામાં કારતક સુદ પુનમે મેળો ભરાય છે. તેમજ ધંધુકા પ્રગણાના ભીમનાથમાં શ્રાવણ સુદ પુનમે મેળો ભરાય છે. રાણપુરમાં જૂનો પડી ગયેલો કિલ્લો છે.

ઉપજઃ—બાજરી, જુવાર, ચણા, રૂ, ડાંગર, ઘોડો તમાકુ, શેરડી, આદુ, ગળી, તલ, દીવેલી, છે. રૂ અને ધાન્ય મુંબાઇ ખાતે પુષ્કળ મોકલવામાં આવે છે.

કસબીઃ રેશમી ને સુતરાઉ કાપડ આસપાસના મુલકમાં જાય છે.

૬ काठिआवाड एजन्सि.

સિમાઃ—ઉત્તરે કચ્છનું અખાત તથા કચ્છનું રણુ, પૂર્વ દિશાએ અમદાવાદ જિલ્લો તથા ખંભાતનું અખાત; દ-

ક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર છે.

પ્રાંત અને તેનાં મુખ્ય શેહેર.

૧ ઝાલાવાડ—ધ્રાંગધ્રા. ૨ ગોહીલવાડ—ભાવનગર.
૩ ઉંડ સરવૈયા—ડાઠા. ૪ બાબરીઆવાડ—જાફરાબાદ.
૫ કાઠિઆવાડ—જસદણ. ૬ સોરઠ—જુનાગઢ
૭ બરડો—પોરબંદર. ૮ હાલાર—નવાનગર.
૯ મચ્છુકાંઠો—મોરબી ૧૦ ઓખામંડળ—દ્વારકાં.

ડુંગર—૧ ચોટીલાનો ડુંગર—એ ધ્રાંગધ્રાથી સરધાર અને જસદણ સુધી ગએલો છે.
૨ વાલગીર કે મોરધાર અને લાંબધાર એ ડુંગરા ગોહીલવાડમાં છે.
૩ શેત્રુંજો એ પાલીતાણા પાસે છે તેપર શ્રાવકના દેરાંછે.
૪ ગીર પર્વત એ સોરઠમાં છે.
૫ ગીરનાર એ જુનાગઢ પાસે છે તે આખા કાઠિઆવાડમાં સૌથી ઉંચો છે તેના પર શ્રાવકનાં દેરાંછે.
૬ બરડો પર્વત તે બરડામાં છે.

મોટી નદીઓ—૧ ભાદર, ૨ મચ્છુ, ૩ ઓઝાત, ૪ શેત્રુંજી, ૫ આજી તે સિવાય ફુલકુ, બાંભણુ, માલણુ, ધાતરવડી, બગડ, સુકભાદર, ગોંડલી, રામાવાતી, ઉંડ, ઘોડાધ્રોઇ વગેરે છે.

બંદર—ધોલેરા, ભાવનગર, ઘોઘા, તળાજા, મહુવા, જાફરાબાદ, નવુંબંદર, દીવબંદર, વેરાવળ, માંગરોળ, નવીબંદર, પોર-

બંદર, દ્વારકાં, સલાયા, જોડીઆ, વવાણીઆબંદર.
બેટ—બેટ, દીવ, પીરમ.
હવાખાવાની જગ્યા—આલાચકી, ગોપનાથ.

જાત્રાનાં ઠેકાણાં— ૧ દ્વારકાં એ રણછોડજીનું ધામ છે ત્યાં વૈશ્નવ લોકો જાત્રા કરવા જાય છે. તે ગાયકવાડને તાબે છે. ૨ ગીરનાર ૩ શેત્રુંજો. એ બંન્નેના ઉપર શ્રાવકનાં તથા વૈશ્નવનાં ડેરાં છે. ૪ પ્રભાસપાટણ. ૫ પ્રાચીતિર્થ ત્યાં શ્રીકૃષ્ણે દેહ છોડયો. ૬ ગઢડા. ૭ મુળી એ બન્નેમાં સ્વામીનારાયણ નાં ધામ છે.

ફિરંગીનાં ગાંમ— દીવ.

હબશીનું—જાફરાબાદ.

ગાયકવાડનો પંચમહાલ:—અમરેલી, ધારી, દામનગર, કોડીનાર, અને શિયાનગર છે તેમજ ઓખામંડળપ્રાંત પણ ગાયકવાડને તાબે છે.

રાજકીયસ્ટેશન ઉત્તરમાં—વઢવાણ દક્ષિણમાં—માણેકવાડા. પૂર્વમાં—સોનગઢ. પશ્ચિમમાં રાજકોટ.

વર્ગવાર તાલુકા અને તેના તાબાનાં ગામ.

વર્ગ પહેલો. જૂનાગઢ ૮૯૦॥ જામનગર ૬૩૩॥ ભાવનગર ૫૪૨॥ ધ્રાંગધ્રા ૧૨૫॥ એ ચારે રાજ્યોને દિવાની તથા ફોજદારી કામમાં કુલ અખત્યાર છે.

વર્ગ ૨ જો. પાલીતાણા ૧૦૦ ॥ લીંબડી ૭૨ ॥ રાજકોટ ૬૦ ॥ ગોંડળ ૧૮૦ ॥ વાંકાનેર ૭૧ ॥ વઢવાણ ૩૧ ॥ મોરબી ૧૨૫ ॥ ધ્રોળ ૬૧ ॥ જાફરાબાદ ૧૨॥ એઓને દી-

વાની કામમાં કુલ અખત્યાર છે. તથા ફોજદારી કામમાં મરણ-ની શિક્ષા પોલીટિકલ એજંટ સાહેબની મંજુરીથી કરી શકે.

વર્ગ ત્રીજો—વળા ૪૦ાા બાટવા ૫૨ાા સાયલા ૩૮ાા જસદણ ૬૧ાા પોરબંદર ૧૦૩ાા ચુડા ૧૭ાા લખતર ૪૨ાા એ એોને દીવાની કામમાં વીશ હજાર સુધી દાવા ચુકવવાનો તથા ફોજદારી કામમાં સાત વર્ષ કેદ તથા દશ હજાર રૂપિઆ સુધી દંડ કરવાનો અખત્યાર છે.

વર્ગ ચોથો.—મુળી ૧૯ ાા લાઠી ૮ ાા વીરપુર ૧૨ ાા બજાણા ૨૬ ાા માળીઆ ૧૦ ાા એ દીવાનીમાં દશ હજાર સુધીના દાવા ચુકવે અને ફોજદારીમાં ૩ વર્ષ કેદ તથા પાંચ હજાર રૂપીઆ સુધી દંડ કરે.

વખણાએલી વસ્તુ.—લીંબડી— સૂડી. ધ્રાંગધ્રા અને ખડાના પથ્થર. થાન—માટીના વાસણ. ભાલ—ઘઉં. સાયલા—સૂડી સાવર કુંડલા—ઢોલીઆ. સિહોર, મોરબી—તાંબા પીતળનાં વા-સણ. માળીઆ—કેરી. નવાનગર—કંકુ, બાંધણી, બંદુક. ગોં-ડળ—ગોળ.

પ્રાંતવાર મોટાં ગામ.

૧ ઝાલાવાડ.—ધ્રાંગધરા, લીંબડી, વઢવાણ, લખતર, થાન સાયલા, ચુડા, બજાણા, હળવદ, સીથા, સિહાણી, મુળી, વાંકાનેર.

૨ ગોહીલવાડ—ભાવનગર, પાલીટાણા, વળા, તળાજા, લાઠી, સિહોર, કુંડલા, મહુવા, ગઢડા, બોટાદ, લીંબડા, દામન-ગર, ગારીઆધર.

૩ ઉંડ સરવીઆ.—ડાઠા, ગણુધોળ, ચોક.

૪ બાબરીઆવાડ.—જાફરાબાદ,ડેડાણ, રાજુલા.

૫ કાઠીઆવાડ.—જેતપુર, બગસરા, જસદણ, ચીતલ, બીલખા, ચોટીલું, સુદામડુ, પાળીઆદ; તે સિવાય ગાયકવાડના તાબાના અમરેલી, ધારી વગેરે છે.

૬ સોરઠપ્રાંત.—જુનાગઢ, બાટવા, અમરાપુર, કોડીનાર, વેરાવળ, પાટણ, માંગરોળ, ઉના, દીવ, દેલવાડા, ચોરવાડ, વંથળી, માળીયું, કુતીઆણું.

૭ બરડો.—પોરબંદર, નવીબંદર, માધવપુર, મીઆણી.

૮ હાલાર.—નવાનગર, ગોંડળ, રાજકોટ, ધ્રોળ, ધ્રાફા, જોડીઆ, આમરણ, ખંભાળીઆ, કાલાવડ, કંદોરણું, બાલાચડી, પીરાજી, ઉપલેટા, સરપદડ, સરધાર, વીરપોર, બાળંભા, લાલપોર.

૯ મચ્છુકાંહો.—મોરબી, માળીઆ, વવાણીઆ, ટંકારૂં.

ઓખામંડળ.—દ્વારકાં, આરંભડું,ધીણાકી, મઠી, રૂપેણ, પોશીતરૂં.

૧૦ મુખ્ય શહેર.—રાજકોટ, એમાં પોલીટીકલ એજંટ સાહેબ રહે છે.

લંબાઈ, પહોળાઈ.પૂર્વ પશ્ચિમ લંબાઇ ૨૦૦ મૈલ; અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૧૭૫ મૈલ છે.

મુખ્ય નિકાસ.—કપાસ, બાજરી, જુવાર, ઘઉં, ચણા, અડદ, મઠ, મગ, ચોળા, તલ અને શેરડી એ મુખ્ય છે. આ

ઇલાકામાં ઘણા બંદર છે, ત્યાંથી રૂ, ઉન, અનાજ, ઘી, ગોળ, તલ, ઘોડા, ઢોર, વગેરે મુંબાઇ તથા બીજાં બંદરો ખાતે જાયછે.

૨ पालणपुर एजन्सि.

સંસ્થાન—પાલણપુર, રાધનપુર, વારાઇ, તેરવાડા, થરાદ અને મોરવાડા, વાવ, સુઇગામ, દેવદર, ચારચટ, તથા સાંતલપુર, ભાભર, કાંકેજ.

નદીઓ.—બનાસ, સરસ્વતિ, નીમરાખી.

પર્વત.—શિરોઇના પહાડ, અંબાજી, આરાસુર.

મોટાં ગામ—પાલણપુર, રાંધણપુર, ડીસા, વારઇ, થરાદ મોરવાડા, વાવ, સુઇગામ, દેવદર, સાંતલપુર, કાંકરેજ; સમી, મુંજપર, તેરવાડા, ભાભર.

પાલણપુર અને રાંધણપુર એ મોટાં સંસ્થાન છે. પાલણપુરના રાજ કર્ત્તા દીવાન કહેવાય છે. અને રાંધણપુરના નવાબ બાબી ઓલાદના છે. ડીસામાં ઇંગ્રેજ સરકારના લશ્કરની છાવણી છે.

નિકાસ.—બાજરી, જુવાર, ઘઉં, મગ, મઠ અને બીજું ધાન્ય. પાલણપુર એજન્સિમાં ડાંગર અને શેરડી પાકે છે. વારાઇ અને રાંધણપુરમાં રૂ પેદા થાય છે; તે મુંબાઇ જાય છે.

महीकांठाएजान्सि.

પ્રગણાં—નાની મારવાડ, રેવર, સાબર કાંઠો, વાત્રક કાંઠો, બાવીસી, કટોસણ.

મુખ્ય સંસ્થાન—૧ ઇડર, ૨ દાંતા અને માલપુર સં-

સ્થાનો. ૩ મોહનપુર, ૪ બાલુસણા, સતલાસણ. ૫ માણસા. ૬ ઘોડાસર અને આમલીઆરા.

નદીઓ—સાબરમતી વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝુમ.

મોટાંગામ—સાદરા, ઇડર, મોહન, માણુસા, પેથાપુર, અહમદનગર, રણાસણ, વડાળી, દાંતા, વરસોડા, ઇલોલ, વાસણા, જોટાણા, કટોસણ, ખાયડ, ચોયલા, ગાબટ.

મુખ્ય નિકાસ—બાજરી, જુવાર, બીજું ધાન્ય, તમાકુ, થોડુંક અફીણ અને રૂ છે.

આરાસુરનો પર્વત છે તેમાં અંબા ભવાનીનું દેરું છે. નવેંબર માસમાં શામળાજીનો અને ફેબ્રુઆરીમાં ખેડબ્રહ્માનો એ મેળા ભરાય છે.

૪ रेवाकांठा एजन्सि.

રેવા નદીની આસપાસનો મુલક તેથી રેવા કાંઠા નામ પડયું છે.

સંસ્થાન—રાજપીપળા, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, સુંથ, અને વાડાશિનોર.

નદીઓ—મહી, નર્મદા, પુનમ, ગોમા, ઢાઢર, વિશ્વામિત્રી, હેરાણ, કરજણ, અને ઓર.

પર્વત—રાજપીંપળા.

મોટાં ગામ—નાંદોદ, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, સુંથ, વાડાશિનોર, નારૂકોટ, ભાદરવા.

નિકાસ—ઇમારતી લાકડાં, રૂ, જૂદી જૂદી જાતનું ધાન્ય

૯ गायकवाड संस्थान.

આ રાજ્ય એક જથ્થે નથી, પણ વીખરાતું છે. તેના મુખ્ય ભાગ વડોદરાવાળો, નૌસારીવાળો, કડી પ્રગણું, કાઠિયાવાડમાં અમરેલી પંચમહાલ, ઓખામંડળ, વળી કેટલોક ભાગ સુરત જિલ્લા સાથે સેળભેળ થઇ ગયો છે.

એ રાજ્યમાં આવેલી નદીઓ.—સરસ્વતિ, વિશ્વામિત્રી તાપી.

મોટાં ગામ.— વડોદરા, એ રાજધાની તે સિવાય ડભોઇ, સંખેડા, ઇટોલા, વસો, પેટલાદ બળેશ્વર, નૌસારી, ગણદેવી, બળેશ્વર, કડી, પાટણ, સિદ્ધપુર, વડનગર, વિશનગર, મેસાણા, અમરેલી, કોડીનાર, દ્વારકાં.

૬ खंभात संस्थान.

મુખ્ય શેહેર ખંભાત એ મહી નદીને કાંઠે છે એમાં નવાબ સાહેબ રહે છે. બીજું સોજીત્રા.

મુખ્ય નદી—મહી.

પેદાશ—બાજરી, જુવાર, ઘઉં, મીઠું, રૂ, ગળી, અફીણ. સુતરાઉ કાપડ શેતરંજી અને અકીકના જૂદાં જૂદાં રૂપ ખંભાતમાં બનાવે છે.

૭ पंचमहाल एजन्सि.

પંચમહાલમાં ગવર્નરનો એજંટ રહે છે; તેના તાબામાં નારૂકોટની નાની જમીનદારી છે.

વેપારની મુખ્ય જણસ ઇમારતી લાકડું છે.

८ सुरत एजन्सि.

સંસ્થાન—૧ સચીણ, ૨ વાંસદા, ૩ ધરમપુર અથવા રામનગર.

નદીઓ—કાવેરી, અંબીકા, દમણગંગા, ઔરંગા, ખરેરા, પાર, કોલક.

મોટાં ગામ—ધરમપુર, વાંસદા, સચીણ, લાલપુર, બીનાર, કાંબળા, વગેરે છે.

વાંસદા પ્રગણામાં દેવકી ઉનાઇનો કુંડ છે.

નિકાસ—ડાંગર, નાગલી, દાળ, તલ, ખાદી, મહુડાં, ઇમારતી લાકડાં વગેરે છે.

उत्तरमहारष्ट्र.

નદીઓ.—તાપી, ગોદાવરી, ભીમા, કૃષ્ણા, સીના, નીરા, મુળામુઠા.

પર્વત—સંહ્યાદ્રી, સાતપુડો, ચાંદવાડ.

શેહેર—ધુળીઆ, માલેગામ, નંદુરબાર, એવલે, મનમાડ, ભુશાવળ, નસીરાબાદ, નાશીક, ત્રિંબક, અહમદનગર, પુના, સતારા, મહાબળેશ્વરની ટેકરી, આસ્ટે, ખડકી, કોરેગામ, ચાળીસગામ, સોલાપુર, પંઢરપુર, જુન્નર, સીન્નર, પુરંદર, બારસી, અકોલે, ખંડાળા, એ સિવાય દેશી રાજ્યના શેહેર નીચે મુજબ છે.

પંતસચીવ, ભોર, નીબાળકર, ફલટન, પ્રંતપ્રતિનિધી, ઔંધ, ડફળે, જત, અકલકોટ, પેંઠ.

ભાશા—મરાઠી તથા કાનડી છે.

નિકાસ—અનાજ, કહોળ, રૂ, શેરડી, તમાકુ, ઇમારતી લાકડું, મહુડાં, મધ, લાખ ડાંગર, સાગ, સુરોખાર.

कोंकण.

નદી—અંખ્યા.

પર્વત—સંહ્યાદ્રી.

મોટાં શેહેર—મુંબાઇ, થાણા, અલીબાગ, રત્નાગીરી, કલ્યાણ, વાંદરા, વિંગોરલા, માહીમ, હરણાઇ, મરોડ, દેહેણું, આગાસી, વસઇ, કોલાબા, પનવેલ, વિજયદુર્ગ, જવારા, જંજીરા ને સાંવતવાડી.

નિકાસ—ચોખા, નાગલી, અણા, અડદ, ડાંગર, મીઠું, સાડીઓ, નાળિએર, સોપારી, હરડાં.

दक्षिण महाराष्ट्र अने उत्तर कानडा.

નદીઓ—ભીમા, કૃષ્ણા, ઘટપ્રભા, મલપ્રભા, પંચગંગા.

પર્વત—સંહ્યાદ્રી, સાતપુડો.

મોટાં શેહેર—કલાદગી, વીજાપુર, બાગલકોટ, બેલગામ, ધારવાડ, વિશાળગઢ, કારવાડ, કુંપટા, હોનાવર, ગોવા, હુબલી, બંકાપુર, એ સિવાય દેશી રાજયના શેહેર નીચે મુજબ.

સાંગલી, જમખંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, રામદુર્ગ, મંગળવાડા, શીરહટી, સાવનુર, કોલાપુર, કાગળ, બાવડા, ઇચળ કરંજી.

નિકાસ—જુવાર, ઘઉં, ચણા, રૂ, બાજરી, લાકડાં, ધાતુનો સામાન, કાપડ, તમાકુ, ડાંગર, દેશી જાડું કાપડ.

શેહેર વર્ણન.

હૈદ્રાબાદ—એ સિંધ પ્રાંતની રાજધાની છે. એમાં સોનેગી ભરતનું કામ સારૂં થાય છે. આંહી મીર લોકની કબરો જોવા જોગ છે.

ઠઠ્ઠા—એ ઘણુંજ અસલી શેહેર સિંધમાં છે અગાઉ તે મોટું શેહેર હતું પરંતુ હાલમાં પડી ભાગ્યું છે, તેથી વેપાર બરાબર ચાલતો નથી.

ઉમરકોટ—આ શેહેરમાં ઇ. સ. ૧૫૪૩ માં હિંદુસ્તાનનો પ્રખ્યાત અકબર બાદશાહ જન્મ્યો હતો.

કરાંચી—મુંબાઇ ઇલાકામાં ઘણું સારૂં ને મોટું બંદર છે. તેમાં વેપાર ઘણોજ ચાલે છે.

ભુજ—એ કચ્છની રાજધાની છે. એમાં ભરતનું તથા સોના રૂપાનું કામ બહુ વખાણવા લાયક થાય છે. કચ્છનો પોલીટિકલ એજંટ આંહી રહે છે.

દ્વારકાં—એ ગુજરાતની અગાઉની રાજધાની શ્રી કૃષ્ણે સ્થાપી હતી. હાલમાં તે જાત્રાનું ઠેકાણું છે, અને તે ગાયકવાડ સરકારને તાબે છે.

રાજકોટ—એ આજી નદી પર છે. ત્યાં ઇંગ્રેજી કાંપ છે. કાઠિઆવાડનો પોલિટિકલ એજંટ આંહી રહે છે, તેથી તે આખા કાઠિઆવાડની રાજધાની ગણાય છે. એમાં રાજકુમાર

કૉલેજ, ટ્રેનિંગ કૉલેજ, હાઇસ્કૂલ અને હુન્નરશાળા વગેરે છે.

જુનાગઢ—આ શેહેર ઘણું જૂનું છે, ને તે કાઠિઆવાડમાં પેહેલા વર્ગમાં ગણાય છે. એની પાસે ગીરનારનો પ્રખ્યાત ડુંગર છે.

ભાવનગર—એ કાઠિયાવાડમાં પેહેલા વર્ગનું સંસ્થાન છે, તેમજ આખા કાઠિઆવાડમાં ઉપજમાં અને સુધારામાં એ પેહેલે નંબરે છે અને તે સારૂં બંદર છે.

અમદાવાદ—એ અહમદશાહે ઇ. સ. ૧૪૧૨ માં વસાવ્યું ત ગુજરાતની રાજધાની છે, એમાં વેપાર ઠીક ચાલેછે. આંહી જુમા મસીદ, શાહીબાગ, શાહ આલમનો રોજો, સ્વામીનારાયણનું મંદીર વગેરે ઘણા મકાનો જોવા લાયક છે. વળી ત્યાં હાઇસ્કૂલ, ટ્રેનિંગ કૉલેજ પણ છે.

ખેડા—વાત્રક ને શેઢી નદીના સંગમપર છે. અને તે ખેડા જીલ્લાનું મુખ્ય શહેર છે.

ખંભાત—મહી નદીપર ઘણુંજ જૂનું શહેર છે.

ચાંપાનેર— એનું અસલ નામ ચંપાવતી નગરી હતું. તે ઘણુંજ નામિચું શહેર હતું. અગાઉ તેમાં પતઇ રાવળનું રાજ્ય હતું. હાલમાં તે તૂટી ગયું છે.

વડોદરૂં—તે ગાયકવાડ સરકારની રાજધાની વિશ્વામિત્રી નદીપર છે.

ભરૂચ—એ નર્મદા નદીને કાંઠે એજ જિલ્લાનું મુખ્ય શહેર છે. એ શહેર ઘણું જૂનું છે.

સુરત—તાપી નદીને કાંઠે મોટું બંદર છે. અગાઉ તેમાં વેપાર પુષ્કળ ચાલતો; આંહી પહેલાં વલંદા તથા ઇંગ્રેજ લોકો એ વેપારની કોઠી નાખી હતી. આગ અને રેલથી હાલ તે ખરાબ હાલતમાં આવી ગયું છે.

મુંબાઈ—ઇ. સ. ૧૬૬૮ માં ફિરંગી પાસેથી ઇંગ્રેજોને કન્યાદાનમાં મળ્યું. એ મુંબાઇ ઇલાકાની રાજધાની અને ઘણુ સારૂ બંદર છે. ગવરનર સાહેબ આંહી રહે છે. ઇનસાફ કરવા ની સૌથી મોટી કચેરી આંહી છે. મુંબાઇમાં ઘણી જાતના લોક વસે છે, અને વેપાર પણ ધમ ધોકાર ચાલે છે.

ધુળીઆ—એ પાંજરા નદીપર ખાનદેશની રાજધાનીનું મોટું શહેર છે.


પુના—મૂળામુઠા નદીપર છે. અગાઉ તે પેશ્વાની રાજધાની હતી. હાલમાં તે ઇંગ્રેજ સરકારને તાબે છે અને મહારાષ્ટ્રની રાજધાની છે. આંહી લશ્કરી છાવણી તથા સંસ્કૃત પાઠશાળાછે.

નાસીક—ગોદાવરીના મૂળ પાસે હિંદુઓનું જાત્રાનું ઠેકાણું છે.

અહમદનગર—સીના નદી ઉપરછે. એ અગાઉ મુસલમાન રાજ્યની રાજધાની હતી. ઇતિહાસમાં પ્રખ્યાત થએલી બહાદુર ચાંદબીબી આ શેહેરમાં થઇ ગઇ છે.

સોલાપુર—એ રેલવેનું મોટું સ્ટેશનછે. બેલગામ, ધારવાડ, બારશી વગેરેનું રૂ આંહી આવે છે, તેથી રૂનું મોટું મથક થઇ પડયું છે. એમાં સાડી ધોતીયાં વગેરે કાપડ સારૂં બને છે.

નકશાની દિશાનું* કોષ્ટક.



* આ ઉપરથી દિશાની વ્યાખ્યા સાફ સમજાશે.

જમીનના ભાગની વ્યાખ્યા.

જેમાં ઘણા દેશ આવેલા હોય એવા જમીનના મોટા ભાગને ખંડ કહે છે.

જમીનનો જે ભાગ ચોતરફ પાણીથી વીંટાયલો હોય તેને દ્વીપ બેટ, કે ટાપુ કહે છે.

જમીનનો જે ભાગ ઘણી બાજુએ પાણીથી વિંટાયલો હોય તે છતાં એક બાજુએ જમીન સાથે સંધાએલો હોય તે-

ને દ્વીપકલ્પ કહે છે.

બે બાજુએ પાણી હોય એવો જમીનનો જે સાંકડો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે છે તેને સંયોગીભૂમિ કહે છે.

જમીનની જે અણી લાંબી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને ભૂશિર કે ભૂશલાકા કહે છે. ઝીણી હોય તો બિંદુ કહે છે. ડુંગરો કે પર્વતોની વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહે છે.

પૃથ્વી ઉપર ઘણા ઉંચા, લાંબા અને પહોળા ટેકરા હોય છે તેને પહાડ કે ડુંગર કહે છે. એવા એવા ઘણા ટેકરા એક બીજા સાથે સંધાઇને ઘણા ગાઉ સુધી લાંબા ચાલ્યા ગયા હોય તેને પર્વત અને બહુ ઉંચા નહીં હોય તો તેને ધાર કહે છે.

पाणीना भागनी व्याख्या.

પૃથ્વીના મોટા ભાગ ઉપર ફેલાયલો જે પાણીનો સમુદાય તેને મહાસાગર કહે છે.

જમીનને લગતો મહાસાગરનો જે મોટો ભાગ તે સમુદ્ર, સાગર કે દરિઓ કહેવાય છે.

સમુદ્રનો જે ભાગ જમીનથી ઘણોખરો ઘેરાયલો હોય તેને અખાત કહે છે.

અખાતનું મોં પહોળું હોય તેને ઉપસાગર કહે છે.

પાણીના બે મોટા ભાગને, જે નાનો પાણીનો ભાગ સાંધે તે સામુદ્રધુની કહેવાય છે.

પાણીનો જે ભાગ જમીનથી ચોતરફ ઘેરાયલો હોય તેને સરોવર કહે છે.

પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જમીન પર થઇને સમુદ્ર કે સરોવરને મળે તેને નદી કહે છે. જ્યાંથી નીકળે તે તેનું મૂળ અને જ્યાં મળે તે તેનું મુખ કહેવાય છે.

સમુદ્રનો સાંકડો પટ કે ભાગ જમીન ઉપર ધસી આ-વેલો હોય અથવા જમીનથી તેનું રક્ષણ થતું હોય તેને ખાડી કે નળ કહે છે.

એક દિશામાંથી બીજી દિશામાં જે નદીનું વહેવું તેને નદીક્રમ કહે છે.

અમુક ઉંચાણ પ્રદેશ જેની સામસામેની દિશામાંથી પાણીનું વહેવું થાય તેને જળક્ષેપ પ્રદેશ કહે છે.

જે સ્થળે નાની નદી મોટી નદીને મળે છે. તેને સંગમ કહે છે.

દરિઆનું પાણી વારા ફરતી ચડે છે અને ઉતરે છે તેને ભરતી ઓટ કહે છે.

સાલવાર ઇતિહાસના કોઠા.

ચાવડાવંશ.

વનરાજ ૭૪૬—૮૦૬—૬૦
યોગ્યરાજ ૮૦૬—૮૪૨—૩૬
ખેમરાજ ૮૪૨—૮૮૬—૨૬
ભૂવડ ૮૬૬—૮૯૫—૨૯
વીરસિંહ ૮૯૫—૯૨૦—૨૫
રત્નાદિત્ય ૯૨૦—૯૩૫—૧૫
સામતસિંહ ૯૩૫—૯૪૨— ૭
કુલ ૭૪૬—૯૪૨—૧૯૬

—૦૦—

સોલંકી વંશ.

મૂળરાજ ૯૪૨—૯૯૭—૫૫
ચામુંડ ૯૯૭—૧૦૧૦—૧૩
વલ્લભ ૧૦૧૦—૧૦૧૦— ૦
દુર્લભ ૧૦૧૦—૧૦૨૨—૧૨
ભીમદેવ ૧૦૨૨—૧૦૭૨—૫૦
કરણ ૧૦૭૨—૧૦૯૪—૨૨
સિદ્ધરાજ ૧૦૯૪—૧૧૪૩—૪૯
કુમારપાળ ૧૧૪૩—૧૧૭૪—૩૧
અજેપાળ ૧૧૭૪—૧૧૭૭— ૩
બાળમૂળરાજ ૧૧૭૭—૧૧૭૯— ૨
ભોળોભીમદેવ૧૧૭૯—૧૨૪૨—૬૩
ત્રિભુવનપાળ૧૨૪૨—૧૨૪૪— ૨
કુલ ૯૪૨—૧૨૪૪—૩૦૨

—૦—

વાઘેલા વંશ.

વિશળદેવ ૧૨૪૪—૧૨૬૨—૧૮
અર્જુનદેવ ૧૨૬૨—૧૨૭૫—૧૩
સારંગદેવ ૧૨૭૫—૧૨૭૯— ૪
કરણઘેલો ૧૨૭૯—૧૩૦૪—૨૫
કુલ ૧૨૪૪—૧૩૦૪—૧૦

ચાવડા વંશ.

૧ જયશિખરી.

ઇ૦ સ૦ ૬૯૬ માં પંચાસર નગરમાં જયશીખરી ચાવડો રાજ કરતો હતો.

એની કીર્તિ તથા ગુજરાતની આબાદીની વાત સાંભળી કનોજ દેશના કલ્યાણી નગરના બળવાન રાજા ભૂવડે ગુજરાત જીતવાને પોતાના સેનાપતિ મીરને લશ્કર આપી મોકલ્યો. પણ તેને જયશિખરીના સેનાપતિ સૂરપાળે હરાવી પાછો કાઢયો.

ત્યાર પછી ભૂવડ પંડે ચડી આવ્યો. બાવન દિવસ ઘેરો રહ્યો. ભારે લડાઇઓ થઇ. તેમાં બન્ને તરફના હજારો લડવૈયા માર્યા ગયા. અંતે જયશિખરી મરાયાથી પંચાસર ભૂવડને હાથ ગયું. અને તેનો અમલ ગુજરાતમાં થયો.

૨ વનરાજ.

જયશીખરી ચાવડાએ અંતની વખતે પોતાની રાણી રૂપસુંદરી ભારેવાઇ હોવાથી પોતાના સાળા સૂરપાળ જોડે વનમાં મોકલી દીધી હતી.

સૂરપાળ પાછો આવ્યો ત્યારે જયશીખરીની મરણની વાત સાંભળી સોરઠના ડુંગરામાં નાશી ગયો.

વનમાં એક ભીલડીએ રૂપસુંદરીની બરદાશ કરી. વૈશાખી પુનમે રાણીને કુંવર સાંપડગો. તે વનમાં અવતર્યો માટે તેનું નામ વનરાજ પાડ્યું.

વનરાજ છ માસનો થયો એવામાં શીળગુણસૂરી નામનો જતી તેમને મળ્યો. તે વનરાજને તથા રૂપસુંદરીને પોતાને અપાસરે તેડી ગયો. ત્યાં વનરાજ ઉછર્યો.

એકવાર ભૂવડની કુંવરી મીનળદેવીના માણસ ગુજરાતની ખંડણી ઉઘરાવી પુષ્કળ ધન, ઘોડા, વગેરે લેઇ જતા હતા, તેમના ઉપર હુમલો કરી વનરાજે સર્વે પડાવી લીધું, ને તે વડે સરસ્વતી નદીને કાંઠે ઇ૦ સ૦ ૭૪૬ માં અણહિલપુર પાટણ બંધાવી ત્યાં પોતાની રાજધાની કરી.

અણહિલ્લ નામે ભરવાડે વગડામાં માર્ગ અને સંતાઇ જવાની જગ્યાઓ બતાવી હતી તેટલા માટે રાજધાનીનું નામ અણહિલ્લપુર પાટણ પાડ્યું.

શ્રી દેવી નામે વાણિઅણે પરોણા ચાકરી કરી હતી તેને હાથે તીલક કરાવ્યું.

ચાંપો નામે વાણિઓ વગડામાં કારભારી થયો હતો, તેને મોટો કારભારી બનાવ્યો. એ કારભારીએ ચાંપાનેર શેહેર વસાવ્યું હતું.

૩ યોગ્યરાજ

એ રાજા પણ એના બાપ વનરાજના જેવો પરાક્રમી હતો. એણે રાજમાં તથા ઉપજમાં વધારો કર્યો.

લડાઇમાં ચતુર અને શૂરો હતો. તીર મારવાનું કામ સારું જાણતો અને સારું ભણેલો હતો, એણે એક ગ્રંથ પણ રચ્યો હતો.

એના પછી એનો દીકરો ક્ષેમરાજ ગાદીએ બેઠો.